| | | |
|---|---|---|
| ૪ | કર્મચારીઓની કામગીરી અને ફરજો અંગેની કાર્યપ્રણાલી | **સાયન્સ સેન્ટરમાં આવેલ વિવિધ વિભાગો/ ગેલેરીઓ**<br><br>**ફન સાયન્સ ગેલેરી**<br>સાયન્સ સેન્ટર સંકુલમાં ફન સાયન્સ ગેલેરી આવેલ છે, જે વિજ્ઞાન, યાંત્રિક તેમજ ઔધોગિક શાસ્ત્ર આધારીત વિભાગોને પ્રકાશિત કરે છે. જયાં રમૂજભર્યા–વિજ્ઞાન પર આધારીત સાધનોને પ્રદર્શિત કરવામાં આવ્યા છે, જે રમૂજ સાથે વિજ્ઞાન વિષયક જ્ઞાન મેળવવા મદદ કરે છે.<br><br>**પાવર ઓફ પ્લે ગેલેરી**<br>પાવર ઓફ પ્લે ગેલેરી ૩ થી ૧૨ વર્ષના બાળકોને પ્રયોગાત્મક અનુભવ મળે તે રીતે બનાવવામાં આવી છે. ગેલેરીમાં 'હેલો હેલો' ,'સીટી મારતી ટ્રેન', 'બમ્પી ટ્રેક' વિગેરે જેવા પરસ્પર સંવાદાત્મક એકઝીબીટસ છે જે રમત દ્વારા જ્ઞાન આપે છે. બાળકો અહીં માનવ શરીર, વિવિધ ભૌમિતીક આકારો, શાકભાજી અને ફળો વિગેરે વિશે જાતે માહિતી પ્રાપ્ત કરે છે. બાળકોમાં સર્જનાત્મકતા જાગૃત કરવા અને તેમને સક્રિય શિક્ષણ માટે પ્રેરિત કરવા પાવર ઓફ પ્લે ગેલેરી યોગ્ય સ્થળ છે.<br><br>**પ્લેનેટેરીયમ**<br>પ્લેનેટેરીયમનું મુખ્ય કાર્ય મુલાકાતીઓને નક્ષત્ર ચિહ્નો, ઉપગ્રહો, રાશીચક્ર તથા અવકાશ આધારીત શો બતાવવા, પ્લેનેટેરીયમ ખગોળશાસ્ત્ર વિષયક જ્ઞાન મેળવવામાં મદદરૂપ થાય છે, રાત્રીના આકાશના નિરીક્ષણ દ્વારા નક્ષત્રોના ચિહ્નો વિષે જાણવામાં મુલાકાતીઓને મદદરૂપ થાય છે.<br><br>**એન્ટરીંગ સ્પેસ ગેલેરી**<br>આ ગેલેરીમાં અવકાશ અને તેની વિવિધ આશ્ચર્યકારક માહિતીઓ દર્શાવવામાં આવેલી છે. સૂર્યમંડળના વિવિધ ગ્રહો વિશે ઉંડાણપૂર્વક રસપ્રદ વિગતો દર્શાવવામાં આવેલ છે તથા એકઝીબીટસની મદદથી અવકાશવિજ્ઞાન વિશેની વિગતો પ્રદર્શિત કરવામાં આવી છે. મનુષ્ય દ્વારા અવકાશમાં લઈ જઈ શકાય તેવી જરૂરી ખાદ્યસામગ્રી અને સાધનો વિશે માહિતીસભર વિગતો આ ગેલેરીમાં મૂકવામાં આવેલ છે.<br><br>**એસ્ટ્રોનોમી, થ્રુ એજીસ ગેલેરી**<br>આ ગેલેરીમાં વિજ્ઞાનની સૌથી જૂની શાખા, એસ્ટ્રોનોમી(ખગોળશાસ્ત્ર)ની શરૂઆતથી લઈ આજની મોર્ડન એસ્ટ્રોનોમી સુધીની સફર વિશે ઉંડાણપૂર્વક માહિતી આપવામાં આવી છે. ઉપરાંત ટેલીસ્કોપના ઉદ્દભવથી અર્વાચીન ટેલીસ્કોપ સુધીની માહિતી વિવિધ વર્કીંગ મોડેલ દ્વારા બતાવવામાં આવેલ છે. અર્વાચીન એસ્ટ્રોનોમીના વણઉકેલ્યા પ્રશ્નોની રસપ્રદ વિગતો પણ રજુ કરવામાં આવેલ છે.<br><br>**ડાયમંડ ગેલેરી :–**<br>ડાયમંડ ગેલેરીમાં "હીરાનું" આખું જીવનચક્ર (ખાણકામ થી પોલિશિંગ સુધી) ૮ ઓડિયો વિઝયુઅલ ખંડો અને સહાયક ગ્રાફિકસ વડે બતાવવામાં આવે છે. હીરાકાકાનું રમુજી પાત્ર આખા શોને વધુ રસમય બનાવે છે. હીરાને લગતી વિવિધ પ્રક્રિયાઓ દર્શાવતા જુદા જુદા મોડલ પણ આ વિભાગમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે. |

**સોવેનીયર શોપ**
સાયન્સ સેન્ટર ખાતે સોવેનીયર શોપ આવેલ છે આ શોવેનીયર શોપમાં શહેરીજનોને ગ્રામ્ય હેન્ડી ક્રાફટ તથા અત્રેથી તૈયાર કરવામાં આવેલ ચીજ વસ્તુઓ મળે છે. તે ઉપરાંત અહીં સાયન્સ કીટસ તેમજ સુરત મહાનગરપાલિકાના પબ્લીકેશન વિગેરે પણ વેચાણ અર્થે મૂકવામાં આવે છે.

**૩ડી થીયેટર**
સાયન્સ સેન્ટર સ્થિત ૩ડી થીયેટર ઉચ્ચ શ્રેણીની શ્રાવ્ય પધ્ધતિ અને સુમેળભર્યા વાતાવરણથી સજજ દ્દશ્ય શ્રાવ્ય ખંડ છે, જે મુલાકાતીઓને અવિસ્મરણીય અનુભવ આપે છે. અને તેમાં રહેલી ચોંકાવી નાંખનાર બાબતો દ્વારા વિજ્ઞાનને વધુ સારી રીતે રજુ કરવામાં આવે છે.

**એન્ટ્રી પ્લાઝા અને પાર્ક એકઝીબીટસ**
એન્ટ્રી પ્લાઝા એકઝીબીટમાં સેડલ, સાઈકલોઈડ, એપીસાઈકલોઈડ, ઈનવોલ્યુટ, જીઓડેસીક વિગેરે જેવા જુદા જુદા ભૌમિતિક આકાર ધરાવતી બેઠક વ્યવસ્થા છે. મુલાકાતીઓ આ આકારો પર બેસી શકે છે અને આ ભૌમિતિક આકારોના ગુણધર્મો વિશે જાણી શકે છે. તેમાં બૌધ્ધિક કોયડા આધારિત રમત પણ છે જેને તેન ગ્રામ કહે છે, જે મુલાકાતીઓને ભૌમિતિક આકારો સમજવામાં મદદરૂપ થાય છે.
પાર્ક એકઝીબીટમાં પેન પાઈપ, ઝડપી ચકરી, પાંજરામાં પક્ષી જેવા નવ (૯) જેટલાં એકઝીબીટસનો સમાવેશ થાય છે. આ એકઝીબીટ વિજ્ઞાનના વિવિધ સિધ્ધાંતો જેવા કે ગુરુત્વાકર્ષણ, યાંત્રિક શકિત, આઘાત અને પ્રત્યાઘાત, પરાવર્તન, અનુનાદ, કોણીય વેગમાન, પ્રકાશ વિજ્ઞાન પર આધારિત છે. મુલાકાતીઓ જાતે જ એકઝીબીટનો ઉપયોગ કરવા દ્વારા પોતાની જાતને તેની સાથે સાંકળી વિજ્ઞાનના સિધ્ધાંતો શીખી શકે છે.

**સ.વ. પટેલ મ્યુઝિયમ**
સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમને ભૂતકાળની કેટલીક શતાબ્દીના સમૃધ્ધ વારસાના પ્રતિબિંબ તરીકે વિકસાવવામાં આવ્યું છે. આ મ્યુઝિયમના મુખ્ય કાર્યો ચીજ વસ્તુઓનો સંગ્રહ કરવો તથા નવા મ્યુઝિયમ ઓબજેકટસનું સંશોધન કરવુ. આ મ્યુઝિયમમાં સુરતનો ખજાનો સમાયેલો છે. હાલમાં મ્યુઝિયમની કલાકૃતિઓ ચોક સ્થિત કિલ્લા ખાતે સ્થળાંતરીત કરવામાં આવેલ છે.

**ખોજ મ્યુઝિયમ**
''ખોજ મ્યુઝિયમ'' સુરતમાં મુખ્યત્વે બે ગેલેરીઓ તથા એક કાર્યશાળા અને 'હોલ ઓફ ફેમ'નો સમાવેશ થાય છે. 'વાયરોસ્ફીયર' ગેલેરી વાઈરસ (વિષાણું) અને તેના જીવનના વિવિધ પાસાઓ વિશે સમજ આપે છે. અન્ય ગેલેરી 'સ્થાયી વિકાસ ધ્યેયો (Sustainable Development Goal)' થીમ આધારીત છે.

**આર્ટ ગેલેરી**
આર્ટ ગેલેરીનું મુખ્ય કાર્ય કલાકારોને તેમની કલા પ્રદર્શિત કરી શકે તે હેતુથી તમામ પ્રકારની સગવડતાઓ આપવી. જુદા જુદા પ્રદર્શન હેતુ કોઈપણ વ્યકિત આર્ટ ગેલેરી ભાડેથી રાખી શકે છે.

| | | |
|---|---|---|
| | | **ઓડિટોરીયમ**<br>ઓડિટોરીયમનું મુખ્ય કાર્ય સેમીનાર, વ્યાખ્યાન, વર્કશોપ, સભા, પ્રવચન વિગેરેનાં આયોજન માટે ભાડેથી આપવામાં આવે છે.<br><br>**એમ્ફી થીયેટર**<br>એમ્ફી થીયેટરનું મુખ્ય કાર્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે શાસ્ત્રીય નૃત્ય, સુગમ સંગીત, ડાયરો, મુશાયરો, સંમેલન વિગેરે કાર્યક્રમોનું આયોજન કરવા માટે ભાડેથી આપવામાં આવે છે.<br>ઓડિટોરીયમ તથા એમ્ફી થીયેટરનું બુકીંગ ઓનલાઈન કરવામાં આવે છે.<br><br>**ગજેબો**<br>સાયન્સ સેન્ટરની બાજુમાં આવેલ માહેશ્વરી ભવનના પાછળના ભાગના મહાનગરપાલિકાના ખાલી પ્લોટમાં ૫૦ થી ૧૦૦ બાળકોનો સમાવેશ થઈ શકે તેવો ગજેબો બનાવવામાં આવેલ છે. સાયન્સ સેન્ટરના સંકુલમાં તૈયાર ભોજન/ નાસ્તો પીરસી શકાય તેવી કોઈ જગ્યા ન હોવાથી તથા સંપુર્ણ સંકુલમાં ભોજન/ નાસ્તો કરવાની મનાઈ હોવાથી તથા બહારગામથી આવતા શાળા/ કોલેજ/ શૈક્ષણિક સંસ્થાઓને પડતી અગવડતાને ધ્યાને લઈને આ ગજેબોનું નિર્માણ કરવામાં આવેલ છે. |